**રે.દિ.દરખાસ્ત નં.૩૨૪/૨૦૨૨**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આજરોજ સદર દરખાસ્ત સુનાવણી પર છે. દરખાસ્તદાર વાદી કે તેમના વિ.વ.શ્રી દ્વારા દરખાસ્ત બજવણીનો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી કે હાજર રહી દરખાસ્ત પ્રતિવાદીને જપ્તી વોરંટ બજે તે માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અગાઉ પણ હુકમનામાં અન્વયે કબજા વોરંટ ઈશ્યુ કરવાનો હુકમ કરવા છતાં દરખાસ્ત વાદી તરફે કબજો વોરંટ ઈશ્યુ કરાવવા અને તેની બજવણી માટે કોઈ પ્રયત્ન થયેલ નથી. આજરોજ પણ દરખાસ્ત વાદી તરફે કોઈ આગળની કાર્યવાહી થયેલ નથી. આમ, દરખાસ્તના કામે દરખાસ્તદાર વાદી તરફે પ્રોસીકયુશનમાં ઉદાસીનતા દેખાયેલ છે. આમ, દરખાસ્ત વાદી તરફે હાજર રહી સદર દરખાસ્તની કાર્યવાહી આગળ વધારવા પુરતા પ્રયત્ન કરેલ ન હોય, સદર દરખાસ્ત સી.પી.સી.ના હુકમ–૨૧ નિયમ–૧૦૫ હેઠળ દરખાસ્તદાર વાદીની હાલની દરખાસ્ત પ્રોસીકયુશનના અભાવે ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૧૬ મી, માહે : જાન્યુઆરી, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૧/૨૦૨૪
સ્થળ : ગારીયાધાર

**(અમિતકુમાર કીરીટભાઈ શાહ)**
પ્રિન્સીપાલ સિવીલ જજ,
ગારીયાધાર
Code No.GJ01266